ભારત વિકાસ પરિષદની લગ્નગીત સ્પર્ધામાં ડીસાની ટીમ પ્રથમ

ડીસા, તા. ૨

પ્રાચીન આર્ય સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કરતી સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંત ગુજરાતની લગ્નગીત સ્પર્ધાનું ભાભર મુકામે દબદબાભર્યું સુંદર આયોજન થયું હતું. આ સ્પર્ધામાં વિવિધ શહેરોમાંથી ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ડીસા શાખાની મહિલા ટીમે પણ ઉપસ્થિત રહીને પોતાની કૃતિ રજુ કરી હતી. આ રસાકસી ભરી સ્પર્ધામાં ડીસા ટીમને પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો.



કાંકરેજ તાલુકાના આકોલી ગામે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ ખુલ્લી મુકાઈ

કાંકરેજના આકોલી ગામે શ્રી રાધેકૃષ્ણ મંદિરના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ગ્રામજનો દ્વારા આયોજન કરીને તા. ૧-૨-૨૦૧૬ના રોજ રાત્રે ખુલ્લી મુકાઈ હતી. જેમાં પ્રથમ મેચ ભાભર પોલીસ સ્ટેશન ટીમ વીએસ થરા પોલીસ સ્ટેશનની ટીમો મેદાનમાં ઉતરી હતી. જેમાં થરા પોલીસ સ્ટેશનનો શાનદાર વિજય થયો હતો. અને ભાભર પો. સ્ટેશનની ટીમની હાર થવા પામી હતી. આ પ્રસંગને નિહાળવા રાજકિય આગેવાનો સહિત ગ્રામજનો અને ટીમોના કેપ્ટનો અને ખેલાડીઓએ લાભ લીધો હતો. આ ટૂર્નામેન્ટ લગભગ દોઢ મહિના સુધી ચાલનાર છે.

દિયોદર રવિ કૃષિ મેળામાં મોળા પ્રતિસાદથી ભાજપ ધુઆંપુઆં

કાર્યક્રમમાં ખુરશીઓ ખાલી દેખાતા અધિકારીઓ એ તેડાગર અને આંગણવાડીની મહિલાઓ બેસાડી દઈ કાર્યક્રમ ખુલ્લો મુક્યો

દિયોદર, તા. ૨

રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષ ત્રણ દિવસ દરમિયાન કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દિયોદર મુકામે આજે સરદાર સરોવર જન યોજનાના અધ્યક્ષ ગણેશભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં રવી કૃષિ મેળો યોજાયો હતો. આ કાર્યક્રમ શરુ થતાની સાથે રવી કૃષિ મેળામાં મોળો પ્રતિસાદ દેખાતા ભાજપના કાર્યકરો ધુઆપુઆ થઈ ગયા હતા. આ મેળામાં મોટેભાગે ભાજપના કાર્યકરો અને સરકારી અધિકારીઓ અને માત્રને માત્ર કૃષિ કીટ્સ મેળવનાર લાભાર્થીઓ સિવાય આમ જનતા ડોકાઈ પણ ન હતી. જેને લીધે મેળાને રંગરુપ દેખાય તે માટે સરકારી બાબુઓએ તાત્કાલિક ધોરણે તેડાગર અને આંગણવાડી મહિલાઓને ખુરશી ઉપર બેસાડી દીધી હતી. આ કૃષિ મેળામાં સંપન્ન થાય ત્યાં સુધી લાભાર્થીના પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને કૃષિમેળામાં લગાવવામાં આવેલ કૃષિ અંગે માહિતગારના સ્ટોલ ઉપર પણ સન્નાટો જોવા મળી આવ્યો હતો. એક તરફ રાજય સરકાર લાખો - કરોડો રૂપિયાના ખર્ચ તાલુકા દીઠ કૃષિમેળાનું આયોજન કરાવામાં આવી રહ્યું છે. ત્યારે આજે દિયોદર ખાતે યોજાયેલ આ મેળાને મોળો પ્રતિસાદ મળતા સરકારના રૂપિયા પાણીમાં વેડફાયા હતા.

ભાજપા કાર્યાલય નજીક સીમલવાડાના આધેડનું ખેંચ આવતા મોત

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર ચાર રસ્તા નજીક મેઘરજ રોડ પર આવેલા અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય નજીક રાજસ્થાનના સીમલવાડા ગામના ઈસ્માઈલભાઈ મેઘરજીયા (ઉં.વ. આશરે ૫૦) કામકાજ અર્થે મોડાસા આવી પરત પોતાના વતન તરફ જવા માટે મેઘરજ રોડ પર ઉભા હતા ત્યારે અચાનક ખેંચ આવી જતા એકાએક ઢળી પડતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. લોકો સારવાર અર્થે હોસ્પિટલ ખસેડે તે પહેલા જ આધેડ વ્યક્તિએ દમ તોડી દેતા ચકચાર ફેલાઈ હતી.

ચંદીગઢ રાષ્ટ્રીય કક્ષાએ બાળ વૈજ્ઞાનિક તરીકે ભાગ લઈ પરત ફરતા કુ. ખુશ્બુનું મોડાસામાં ઉષ્માભેર સ્વાગત કરાયું

મોડાસા, તા. ૧

મોડાસા સ્થિત એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થિની ખુશ્બુ વિનોદભાઈ પટેલે તાજેતરમાં ચંદીગઢ ખાતે બાળ વૈજ્ઞાનિક તરીકે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરી પરત ફરતા ખુશ્બુનું લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થવા બદલ સમગ્ર અરવલ્લી જિલ્લો ગૌરવાન્વિત થયેલ છે. ચંદીગઢ જતા અગાઉ ખુશ્બુને જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કુ. ખુશ્બુએ ચંદીગઢ ખાતે બાળ વૈજ્ઞાનિક તરીકે ભાગ લઈ બદલતા તાપમાનની ઊર્જાના વપરાશ પર થતી અસરનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આ પ્રસંગે લાયન્સ ક્લબના મંત્રી ભાવેશ જયસ્વાલ, જય અમીન, મોહનભાઈ હંસરાજભાઈ, આચાર્ય જિજ્ઞેશ સુથાર, સુપરવાઈઝર જયેન્દ્ર પંડ્યાએ ખુશ્બુનું ફૂલછડીથી સ્વાગત કર્યુ હતુ. સમગ્ર પ્રોજેક્ટમાં માર્ગદર્શક બનનાર ડૉ. જિજ્ઞેશ સુથાર રાજન વ્યાસ, જયેશ પ્રજાપતિ પણ આ સફળતાના યશભાગી છે.

સંક્ષિપ્ત સમાચાર

મોડાસાના સાકરીયા ગામે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા ચકચાર

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામે ઈંટવાડા નજીક રહેતા અને મજુરી કરી જીવનનિર્વાહ ચલાવતા યુવાને અગમ્ય કારણોસર શુક્રવારે ઝેરી દવા ગટગટાવી જતા પરિવારજનોએ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયો હતો. પરંતુ ઝેરી દવાની અસર શરીરમાં ફેલાઈ જતા શનિવારે બપોરે દમ તોડી દીધો હતો. મેઘરજ તાલુકાના રાંજેડી ગામના અને હાલ મોડાસા તાલુકાના સાકરીયા ગામના ઈંટવાડા નજીક પડતર જમીનમાં વસવાટ કરી છુટીછવાઈ મજુરી કરી જીવનનિર્વાહ ચલાવતા ચેતન દલાભાઈ નટે શુક્રવારે સાંજના સમયે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા બેભાન બની જતાં પરિવારજનો એ યુવકને તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. સાર્વજનિક હોસ્પિટલના તબીબોએ અદ્યતન સારવાર હાથ ધરી હતી. પરંતુ કારગત ન નિવડતા શનિવારે બપોરે ૧ વાગે હોસ્પિટલમાં દમ તોડી દેતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો.

ખેડબ્રહ્મા પાસે બાઈકની ટક્કરે ઈસમનું મોત

ખેડબ્રહ્મા પાસે એક બાઈકચાલકે પોતાના કબજાની બાઈક ગફલતભરી રીતે અને પુરઝડપે હંકારી મોર્નીંગ વૉકમાં નીકળેલા એક ઈસમને ટક્કર મારતાં ગંભીર ઈજાઓ પહોંચવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે. ખેડબ્રહ્માની આરાધના સોસાયટીમાં રહેતા પરીખ સોભાગભાઈ નવીનચંદ્ર તેમના મિત્રો ડૉ. અશ્વિનભાઈ ગઢવી તથા ગીરીશભાઈ પટેલ સાથે ગુરૂવારે સવારે મોર્નીંગ વૉકમાં નીકળ્યા હતા. દરમ્યાન છ વાગ્યાના સુમારે ખેડબ્રહ્માથી ગલોડીયા જતા રોડ ઉપર જસુભાઈ માધાભાઈ પટેલના કુવા પાસેથી પસાર થતા હતા ત્યારે બાઈક નંબર જીજે.૦૯. સીએલ. ૨૨૮ ઉના ચાલકે પોતાના કબજાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સોભાગભાઈને ટક્કર મારી હતી જેથી સોભાગભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતા. ઈજાગ્રસ્તને ખેડબ્રહ્મામાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું અવસાન થયેલ છે.

દાંતા ગામમાં પોલીસની રહેમ નજર હેઠળ ખુલ્લામાં દારૂનું ધૂમ વેચાણ

દાંતા તાલુકા ગામમાં માથાભારે બુટલેગર દ્વારા જાહેર રસ્તા ઉપર સર્કલની બાજુમાં દારૂ વેચીને પોલીસને ઓપન ચેલેન્જ આપે છે, અને યુવા ધન બરબાદ થાય છે. તો જિલ્લા પોલીસવાળા દ્વારા આ બુટલેગરને ધરપકડ કરી પાસામાં ધકેલી દેવાની જરૂર છે. કેમ કે આ બુટલેગરને જો પાસામાં ધકેલવામાં ન આવે તો દાંતા ગામના યુવાધન આદિવાસી ભાઈઓ બહેનો રોડ ઉપર બેસીને દારૂ પીવે છે. આ બુટલેગર મન ફાવે તેમ દારૂડીયા પાસેથી પૈસા ઉગરાવે છે. અને કહે છે કે દાંતા પોલીસ સ્ટેશન મારા ખીસ્સામાં છે. હું તેમને જોઈએ તે વસ્તુ પુરી પાડુ છુ અને તે હપ્તો માંગે તે પ્રમાણે આપુ છુ. આ દારૂના ધંધાને કોઈ આંચ આવી શકે તેમ નથી.

હિંમતનગરમાં ૨૮ કરોડના ખર્ચે વીજ કંપનીના સદનનું લોકાર્પણ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે રૂ. ૨.૨૮ કરોડ ખર્ચે નિર્મિત વીજ કંપનીના વિભાગીય વર્તૂળ સેવા સદનનું લોકાર્પણ જિલ્લા પ્રભારી અને ગૃહ રાજયમંત્રી રજનીકાન્ત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રજાકીય સેવા સદનનું લોકાર્પણ કરતા મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, વીજ કંપનીમાં આવેલા આમૂલ પરીવર્તનથી લોકોની સુવિધામાં વધારો થયો છે. તેમણે વીજ કંપનીની સેવા પ્રવૃતિની પ્રશંસા કરતા જણાવ્યું હતુ કે બનાસકાંઠા જિલ્લા પૂરની મોટી આફત સામે કંપનીના કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓથી પ્રજાને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી આમ કંપની સમાજની સેવા સાથે એક સામાજીક દાયિત્વ નિભાવવાનું કામ વીજ કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતુંકે, રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ગુજરાતને ૨૪ કલાક વીજ પ્રવાહ આપવાનું સ્વપ્ન સાકાર કર્યુ છે. ગુજરાતમાં મળતા અવિરત વીજ પ્રવાહને લીધે ઔધાગિક ક્ષેત્રે નવિન ક્રાંતિ આવી છે. તો વળી હરીયાળી ક્રાંતિમાં નવતર પગરવ માંડ્યા છે.

વીજ કંપનીની પ્રંસશનીય સેવાથી ભારતના સર્વોત્તમ ૧૪ જેટલા એવાર્ડ મળ્યા છે. તેમણે આગામી સમયમાં હાથ ધરાનાર પ્રોજેકટની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુંકે, પાયલોટ એડવાન્સ ટ્રાન્સફોર્મરનો પ્રોજેકટ અમલી બનતા પ્રજાની સુવિધામાં વધારો થશે.

જેમ આપણે આપણા ઘરની સ્વચ્છતા જાળવીએ છીએ તેમ આ કચેરીની પણ સ્વચ્છતા જાળવવા માટે તેમણે કમીઓને ટકોર કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત સાસંદ દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, શહેરી વિસ્તારથી માંડીને ગ્રામ્ય વિસ્તાર સુધી મળતા વીજ પ્રવાહ લોકોના જીવન પરીવર્તન આવ્યું છે. તેમણે વીજળીને પાયાની જરૂરીયાત ગણાવી સિંચાઈ અને ખેતી વિકાસથી કૃષિકારો સમૃધ્ધ બન્યા છે.

હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, વર્ષો અગાઉ પ્રજાની સુવિધામાં ત્રુટીઓ રહી જતી એ તેનો યોગ્ય નિવારણ લાવતા વીજ કંપનીની સુવિધામાં ગુણવત્તાસભર સુધારો થયો છે.

દાંતીવાડા તાલુકાના ડાંગીયા મુકામે રવિ કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૨

જિલ્લા બનાસકાંઠા જિલ્લા દાંતીવાડા તાલુકાના ડાંગીયા મુકામે પ્રગતિશીલ ખેડૂતશ્રી પરથીભાઈ ચૌધરીના ફાર્મ ઉપર આરોગ્ય અને પરિવાર કલ્યાકણ તથા વાહનવ્યરવહાર રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને રવિ કૃષિ મહોત્સાવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડુતોને સહાયના ચેક મંત્રીના હસ્તેહ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અધ્યમક્ષસ્થાકનેથી પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે કૃષિ મહોત્સોવ અભિયાનને લીધે ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. આ અભિયાનને લીધે જ ટપક અને ફુવારા પધ્ધતિ વિશે લોકોને જાણકારી તથા સરકારશ્રી દ્વારા ઉદાર સહાય આપવામાં આવતાં બનાસકાંઠા જિલ્લોવ ટપક અને ફુવારા પધ્ધતિ અપનાવવામાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાકને છે. મંત્રીશ્રીએ કહ્યું કે નર્મદાના નીર દાંતીવાડા ડેમ સુધી લાવીને ડેમમાં નાખવામાં આવ્યાઠ છે જેનાથી આ વિસ્તા રમાં ભૂગર્ભજળ સ્તદર ઉંચા આવશે. પાણીના પ્રશ્નના કાયમી નિરાકરણ માટે સરકાર દ્વારા વિરાટ અભિયાન હાથ ધરીને સંગીન કામગીરી કરાતાં ખેડૂતોને મોટો ફાયદો થયો છે જેનાથી વિકાસકૂચને ઝડાપી વેગ મળ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે કૃષિ યુનિવર્સિટીઓમાં થયેલા નવિન સંશોધીત બિયારણો અને અધતન ખેતી વિશેની જાણકારી કૃષિ મહોત્સકવ થકી છેવાડાના વિસ્તાતરો અને વ્યકિતઓ સુધી સરળતાથી પહોંચી રહ્યાં છે.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાચના મહેનતુ અને સમજુ પશુપાલકોની આવડ અને મહેનતથી બનાસડેરી એશિયામાં પ્રથમ સથાને છે ત્યાસરે હવે નજીકના સમયમાં જ ડેરીની દૂધની વિવિધ બનાવટોને યોગ્ય્ ગુણવત્તાયુકત બનાવીને વિશ્વફલક પર બનાસ ડેરીને મુકવા સંગીન પ્રયાસો કરાશે. તેમણે જણાવ્યુંત કે પશુપાલકોના હિતને અગ્રિમતા આપીને તણમા નિર્ણયો લેવામાં આવશે. તેમણે પશુપાલકોને ખાતરી આપતાં કહ્યું કે બનાસ ડેરીનો તમામ વહીવટ પારદર્શક રીતે થાય, વિધવા બહેનો આર્થિક રીતે પગભર બને અને ગરીબો ગરીબીમાંથી બહાર આવે તે દિશામાં ડેરી ધ્વારા અનેકવિધ કામો કરવામાં આવશે. તેમણે કહ્યું કે આપણી કાંકરેજી દેશી ગાયોનું સંવર્ધન અને બ્રાન્ડિગ કરી દરેક પશુ પાલક દેશી ગાયો રાખતો થાય તે દિશામાં પણ કામ કરવામાં આવશે.

ઊંઝા ડેપો ખાતે બાબુભાઈ ચૌધરીનો વિદાય સમારંભ યોજાયો

ઊંઝા, તા. ૨

ઊંઝા એસ.ટી. ડેપોના સંનિષ્ઠ કંડકટર બાબુભાઈ હરીભાઈ ચૌધરી (વણાગલાવાળા) ૩૪ વર્ષ સુધી એસ.ટી. નિગમમાં નિષ્ઠાપૂર્વક સેવા બજાવી વય મર્યાદાના કારણે સેવા નિવૃત્ત થતાં ઊંઝા ડેપો ખાતે તેઓનો વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ મહેસાણા એસ.ટી. વિભાગીય નિયામક એન.એસ. પટેલ, મુખ્ય મહેમાન ઊંઝા બજાર સમિતિ ચેરમેન ગૌરાંગભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય મહેશભાઈ ચૌધરી, ઊંઝા ડેપો મેનેજર આર.એમ. મેવાડા, પૂર્વ ડેપો મેનેજર કે.જે. મોગલ વિગેરેએ સંનિષ્ઠ કંડકટર બાબુભાઈ ચૌધરીની સેવાઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મહેસાણા એસ.ટી. વિભાગમાંથી નિવૃત્ત થયેલ અધિકારીઓ, કર્મચારીઓ, ડેપોનો સ્ટાફ, શુભેચ્છકો પરિવારજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ક્વોલીટી ફોર એજ્યુકેશન અંતર્ગત નવી દિલ્હી ખાતે પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ અનુ. જાતિની ચિંતન બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨

ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક ઉત્કર્ષ મંડળના ઉપક્રમે કોલીટી એજ્યુકેશન અંતર્ગત, ગુજરાતમાંથી આશરે ૬૦ જેટલા શિક્ષકો ચિંતન બેઠકમાં ભાગ લેવા દિલ્હી ખાતે ગયેલા. તા. ૧૯-૧૨-૧૫ થી ૨૪-૧૨-૧૫ સુધી દિન-૬ દિલ્હી ખાતે ગુજરાતી સમાજમાં સુંદર આયોજન થયું હતું. આ બેઠકમાં પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા શું છે તેની ચર્ચા તથા અનુજાતિના શિક્ષકોને મુશ્કેલીઓ અને તેના નિરાકરણ માટે શું પગલા લઈ શકાય તેની ચર્ચા કરવામાં આવી. સંગઠનને મજબૂત બનાવવું શિક્ષકોનો ઉત્કૃષ્ટ દેખાવ થાય તેવી પણ ચર્ચા કરવામાં આવી.

ચિંતન પૂર્ણ થતાં ગાદીપતિ સાંસદશ્રી શંભુનાથજી મહારાજની આગેવાની હેઠળ આ મંડળને રાજ્યસભાની કાર્યવાહી જોવાનો લહાવો મળેલો. આ કાર્યવાહીમાં સરકાર તરફથી એસ.સી./એસ.ટી. બીલ રજુ થયેલું જે તક પણ સાંપડી હતી. દિલ્હી દર્શન બાદ અજમેર શરીફમાં દેશમાં શાંતિ સ્થપાય તે આશયથી ગુજરાત રાજ્ય પ્રા. શિ. ઉત્કર્ષ મંડળ તરફથી ચાદર ચઢાવવામાં આવી હતી.

આમ શૈક્ષણિક પ્રવાસ રૂપે ચિંતન બેઠક યોજાઈ જેમાં સંયોજન રજનીકાન્ત મકવાણા, ભરતભાઈ રાઠોડ, દિનેશરાજ રાવોલિયા, મહેન્દ્ર સોલંકી, તદ્ ઉપરાંત અરવલ્લી જિલ્લા મંડળના પ્રમુખ જીતેન્દ્રતુમાર પંડ્યા, અરવિંદભાઈ પરમાર, રણજીતભાઈ, અશોક સુતરિયા, જયંત પ્રણામી, કાન્તીભાઈ પરમાર, નવનીતભાઈ રાઠોડ, ચેતનભાઈ, હેમંત વણકરે દિલ્હી ખાતે ચિંતન બેઠકમાં હાજરી આપી હતી.